# જોયેલું ને જાણેલું

## મૂઠી ઊંચેરા માનવી

વ્રજેશ આર.વાળંદ

આત્મીય સખાની સ્મૃતિ હૃદય-શૂળ બની ગઈ છે. સુખ વહેંચવાથી વધે અને દુઃખ વહેંચવાથી ઘટે એ સત્યનો સ્વીકાર કરી, આપની સમક્ષ હૈયું ઠાલવી વેદનાનો ભાર હળવો કરવો છે. વાત છે મારા બહાદરપુર-નિવાસી, આત્મીય વડીલ સમા શ્રી ઘનશ્યામ બટુકભાઈ દેસાઈની.

સાલ હતી ૧૯૯૮. મને વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાં બી.એડ.કૉલેજમાં એડમિશન મળી ગયું હતું. મારા જ એક મિત્ર જગુભાઈ એચ. શાહના પ્રયત્નોથી આ સુવર્ણ તક પ્રાપ્ત થઈ હતી. પરંતુ દસ જ દિવસની અત્યંત અલ્પકાલાવધિમાં ફીના એકસો ચાળીસ રૂપિયા ભરવા એ મારા માટે લોઢાના ચણા ચાવવા જેવું કપરું કાર્ય હતું. ફી એકત્રિત કરવાના મારા બધા જ પ્રયત્નોને ઘોર નિષ્ફળતા સાંપડી હતી. આખરે મને મારા મિત્ર ઘનશ્યામ દેસાઈ યાદ આવ્યા. જેમ તેમ ભાડાનો જોગ કરી બહાદરપુરથી સવારે નવેક વાગે નીકળી, નવસારી લોકલમાં બેસી બપોરે બારેક વાગે નસવાડી પહોંચેલો. નવસારી બહાદરપુરથી આશરે પચાસેક કિલોમીટર દૂર છે. અહીંની શાળામાં શિક્ષક તરીકે ઘનશ્યામભાઈ નવા-સવા જોડાયા હતા. એને ઓળખનારની સંખ્યા ખૂબ ઓછી. માંડ માંડ ઘર જડ્યું. ઘનશ્યામભાઈ પહેલેથી જ મારા પર અદકેરો ભાવ રાખતા. અત્યંત ધાર્મિક, વૈષ્ણવ પરિવારમાં જન્મેલા મારા એ આત્મીય સખાની રગેરગમાં પરિવારના ઉચ્ચ સંસ્કારો, સેવાદળના નીતિમૂલક સિદ્ધાંતો અને આદર્શો વ્યાપ્ત હતા. ખૂબ આશાઓ સાથે હું એમની પાસે આવ્યો હતો. મને એ વાતની પૂરી ખબર હતી કે હું સુદામા અવશ્ય હતો પરંતુ મારા એ પાસે શ્રીકૃષ્ણનો વૈભવ ન હતો. મને જાતા જ આંખોમાં આવકારાના અસંખ્ય દીપ ઝળહળી ઊઠ્યા. હેતપૂર્વક મને ભેટ્યા, ખબર-અંતર પૂછ્યાં. તેઓએ જમી લીધું હતું અને રવિવારની વામકુક્ષિની તૈયારી કરી રહ્યા હતા. એમનાં ધર્મપત્ની અનુબહેને તરત મને જમવા બેસાડી દીધો. અમારા બહાદરપુરના વૈષ્ણવ પરિવારમાં અચાનક આવી ચડેલા એકાદ બે મહેમાનો સમાઈ જાય એટલે થોડું વધારે ભોજન અગાઉથી જ બનાવી રાખવાની પરંપરા. જમતાં જમતાં મેં એમની સામે હૈયું ખોલ્યું : "ઘનશ્યામભાઈ ! દસ દિવસમાં ફી નહીં ભરાય તો હાથમાં આવેલો કોળિયો ઝૂંટવાઈ જશે ! એડમિશન રદ થશે તો ક્યાંયનોય નહિ રહું !" ને મારી લાચારી અશ્રુ બિંદુ બની મારી આંખોમાં તગતગી રહી. એમનાં નેત્ર પણ સજળ બન્યાં. મને ખબર હતી કે માસની અંતિમ તારીખોમાં ગામમાં નવાસવા આવેલા શિક્ષક માટે આટલી મોટી રકમ કાઢવી જરા ય સહજ ન કહેવાય, પણ હું ય શું કરું ! મારી મજબૂરી મને એમની પાસે ઢસડી લાવી હતી અને મરતા ક્યા ન કરતા !

અચાનક ઘનશ્યામભાઈને શું ય સૂઝ્યું કે સ્વસ્થાનેથી તેઓ ઊભા થઈ ગયા : "એમ કર વજુ ! તું નિરાંતે જમી લે, હું અબઘડી પાછો

આવું છું !"...ને હું કે અનુબહેન એમને વારીએ એ પહેલાં તેઓ સડસડાટ ઘરની બહાર નીકળી ગયા. મારો કોળિયો હવામાં તોળાઈ રહ્યો. મારી કંગાળ આર્થિક સ્થિતિથી ઘનશ્યામભાઈ રજેરજ માહિતગાર હતા. મારા પિતાનું આકસ્મિક અવસાન, પાંચ જીવનું ભરણપોષણ કરવું, નાના ભાઈ મનહરના પેટનાં ત્રણ ત્રણ ઑપરેશનની રકમ ભેગી કરવી, અભ્યાસ ચાલુ રાખવો વગેરે અનેક મોરચે એકલે હાથે હું ઝઝૂમતો હતો. આ બધું એક જ વર્ષમાં એક સાથે બન્યું હતું.

'ચાલ, તારું કામ થઈ ગયું, વજુ !' લગભગ દોઢેક કલાકના રઝળપાટ પછી ઘરમાં પગ મૂકતાં જ એ બોલ્યા. હૈયાનો બોજ હળવો-ફૂલ થઈ ગયો હોય એમ એમનું મોં હસું હસું થઈ રહ્યું હતું. ચહેરા પરથી ચિંતાનાં વાદળો વિખેરાઈ ગયાં હતાં. હું અવાચક બની માન્યામાં ન આવતું હોય એમ એમની સામે જોઈ રહ્યો. એમણે સ્મિતસહ આગળ ચલાવ્યું : 'આજે સાંજે શાળાના મેદાનમાં તારો કાર્યક્રમ રાખ્યો છે. મારા આચાર્યશ્રી સાથે બધું પાકું કરીને આવ્યો છું. શાળાનું હારમોનિયમ તને મળી જશે. વળી મારા સેવાભાવી આચાર્યશ્રીના પ્રયત્નોથી એ સજિંદાઓ પણ તારી પાસેથી કંઈ પણ રકમ લીધા વિના તારી સાથે સંગત કરશે, શાળાનું માઇક બરાબર ચાલતું નથી તેથી એની વ્યવસ્થા પણ કરતો આવ્યો છું. બસ, બધાંને ખુશ કરી દેજે ! શ્રીજી બાવાની કૃપાથી તારા પર ઘેરાયેલાં સંકટોનાં વાદળોને વિખેરાવું જ પડશે !'

'પણ, તમારી વીંટી ક્યાં ગઈ ?' એમની આંગળી પર વીંટી ન જોતાં ચિંતિત સ્વરે અનુબહેને પૂછ્યું. હુંય ચોંકી ઊઠ્યો.

'એ તો મારો સ્ટાફ-મિત્ર કન્યા જોવા આજે ડભોઈ જવાનો છે એટલે રસ્તામાંથી જ મારી પાસે માગીને એ લઈ ગયો છે. કાલે જ પાછી આવી જશે !' ઘનશ્યામભાઈએ હસતાં હસતાં એવી સાહજિકતાથી સ્પષ્ટતા કરી કે અમારા માટે શંકા કરવાની કોઈ ગુંજાશ જ ન રહી.

એ જમાનામાં મનોરંજન- માધ્યમો ખૂબ ટાંચાં હતાં. ટીવીનું નામનિશાન નહિ. આખું નસવાડી ગામ કાર્યક્રમ જોવા શાળાના મેદાનમાં ઠલવાયું હતું. ઘનશ્યામભાઈ સામે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની પણ એમણે મને તક ન આપી. મેં ખૂબ તન્મયતાપૂર્વક કાર્યક્રમ રજૂ કર્યો. મારા પ્રત્યેક ગીતને સહૃદયી શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવ્યું. કાર્યક્રમના મધ્યાંતરમાં ઘનશ્યામભાઈએ મારો પરિચય આપ્યો. તેઓ ખૂબ સારા વકતા હતા. હું કેવો જીવનસંઘર્ષ ખેલી રહ્યો છું, એનું હૃદયસ્પર્શી બયાન કર્યું. મારા કાર્યક્રમથી રસ-તરબોળ થયેલા શ્રોતાઓ ઘનશ્યામભાઈની વાણીમાં રહેલા સત્યના રણકાને પારખી ગયા. કહો કે પોતાની મર્મ સ્પર્શી વાણીથી એમણે શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી મૂકયા.

ત્યાં તો અત્યંત પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા, આગલી હરોળમાં બેઠેલા એક સજ્જન મંચ પર ધસી આવ્યા. એમણે ઘનશ્યામભાઈને માઇક પોતાને આપવા નમ્ર વિનંતિ કરી. માઇક પરથી ગળગળા સાદે એમણે કરેલા ઘટસ્ફોટથી એક જ પળમાં વામન કદના ઘનશ્યામભાઈ સૌની નજરમાં મૂઠી ઊંચેરા માનવી બની ગયા. એ સજ્જને જણાવ્યું : 'આપણા ગામમાં આવેલા આ નવા શિક્ષક ઘનશ્યામભાઈ આજે બપોર મારી પેઢી પર આવ્યા હતા. એમણે મને પોતાનો ટૂંકો પરિચય આપ્યો અને પોતાની સોનાની વીંટી

ગીરવી મૂકી મારી પાસેથી ચાળીસ રૂપિયા પગારના વાયદે લઈ ગયા હતા. મારી નજર સામે જ એમણે એમાંથી થોડીક રકમ આપી મારી પેઢીની સામે આવેલા માઇક વાળા પાસેથી માઇક ભાડે લીધું હતું. પોતાના મિત્ર માટેની એમની સમર્પિતતા સામે હું મારું સર ઝુકાવું છું. એમની આ મિત્રને કામમાં આવવાની સદ્પ્રવૃત્તિને અંતઃકરણપૂર્વક બિરદાવું છું અને એમને એકાવન રૂપિયાનો પુરસ્કાર આપું છું. એમને મારી નમ્ર વિનંતી છે કે મારો આ તુચ્છ પુરસ્કાર સ્વીકારી તેઓ મને કૃતાર્થ કરે !'

સજ્જનની આ ઉદ્‌ઘોષણાને સૌએ પ્રચંડ કરતલધ્વનિથી વધાવી લીધી. ને એ સજ્જને ઘનશ્યામભાઈને ભાવપૂર્વક પ્રણામ કર્યાં. ઘનશ્યામભાઈ ગળગળા થઈ ગયા. એમની આંખોમાં આંસુનું પૂર ઊમટ્યું. હું મંચ પર જ નમી પડ્યો. જોતજોતામાં મારી બી.એડ.ની ફી કરતાંય ઘણી વધારે રકમ ભેગી થઈ ગઈ. પાછળથી મને અને ઘનશ્યામભાઈને ખબર પડી કે મંચ પર પધારનાર એ સજ્જન નસવાડી ગામના જાણીતા વેપારી અને શરાફ હતા. દાનવીર તરીકે એમની ભારે સુવાસ હતી. એમણે ઘનશ્યામભાઈને વીંટી પણ પરત કરી.

કહેવાની જરૂર નથી કે પછી બી.એડ. થવામાં મને ઝાઝી મુશ્કેલી ન પડી. હું શિક્ષક બનીને થોડાંક વર્ષોમાં બે પાંદડે થઈ ગયો. ઘનશ્યામભાઈએ વિદેશગમન કર્યું. ત્યાં ખૂબ સારું ધનોપાર્જન કર્યું. જ્યારે જ્યારે તેઓ ભારત આવે ત્યારે મારી સામે મારા મનગમતા ઉપહારોનો ખડકલો કરી દેતા.

પણ હવે ઘનશ્યામભાઈ આ દુનિયામાં નથી. પોતાની અંતિમ વિદાયનો અણસાર કુદરતે એમને આપી દીધો હોય એમ એમણે ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું. એમને ગમતાં ગીતો મેં મન મૂકીને ગાયાં. સર્વ આપ્તજનો અને મિત્રોને ભાવપૂર્વક નિમંત્રી મિજબાની આપી. ખૂબ ભાવથી સૌને મળ્યા. એમની મધુર સ્મૃતિઓને મેં, કંગાળને જડી આવેલા અમૂલ્ય રતનની જેમ, ખૂબ જતનથી હૈયે જાળવી રાખી છે.

* * *

૧-આશાપુરીનગર, રામાકાકા રોડ,
છાણી - વડોદરા-૩૯૧૭૪૦
મો : ૯૭૨૩૩૩૩૪૨૩

○

## લાખેણો માનવી નૂરો

ડૉ. દીપક આર. લંગાલિયા

ગોંડલ તાલુકાનું નાનકડું ગામ સીસક. એક અલગારી વૃદ્ધ, ઉંમર આશરે ૭૦ વર્ષ, હાથમાં કાવડ લઈને ચાલ્યો જાય છે. ભૂતકાળના પડછાયા કે ભવિષ્યની ઉપાધિને છોડીને ચાલતા વૃદ્ધનું નામ છે નૂરો જુસબ.

મનનો અલગારી, ખુદાનો બંદો, નેકી અને ઈમાનનો માણસ. સાફ દિલ એ ઇન્સાનના મગજમાં એવી તે ધૂન સવાર થઈ કે માંડ માંડ ખેતમૂજરી કરીને બે છેડા ભેળા કરતો નૂરો કુદરતે આપેલ ચીજોનું પ્રેમથી જતન કરવામાં લાગી પડ્યો. વૃક્ષોનું જતન, પંખીડાંને ચણ અને પાણી અને તરસ્યાંને શીતળ જળ બસ એક જ એનું જીવન.

સીસક ગામની વસ્તી માંડ હજાર-પંદરસોની. તેમાં નૂરો મજૂરી કરતાં કરતાં સાંજ પડે એટલે ગામને પાદર દરગાહની જગ્યામાં પડ્યોપાથર્યો રહે. એ જ એનું કાયમી સરનામું. દરગાહ પાસે બે ઘેઘૂર ડાલામથ્થા વડલાની વચ્ચે એણે પક્ષીઓની ચણ માટે પતરાની ચોકી બનાવીને બાંધી જેથી બિલાડાથી બચી શકાય. પક્ષીઓ માટે પાણીનાં કૂંડા બાંધે અને સંતાનોથી અધિક ચાહે.